શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળ

સંશોધન સમિતિની ૧૪મી બેઠકની કાર્યનોંધ

---

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળની સંશોધન સમિતિની ૧૪મી બેઠક કરવા અંગે માન.કુલપતિશ્રીનાં ફાઈલ પર મળેલ આદેશાનુસાર આ કમિટિની એક બેઠકનું આયોજન તા.૨૦/૦૬/૨૦૨૨નાં રોજ બપોરે ૦૩:૩૦ કલાકે માન.કુલપતિશ્રીની અધ્યક્ષતામાં નીચેનાં સભ્યશ્રીઓની હાજરીમાં સુધર્મા હોલમાં આયોજિત કરવામાં આવેલ હતી. આ બેઠકમાં નીચેનાં મહાનુભાવો ઉપસ્થિત રહેલા હતા.

(૧) ડો.લલિતકુમાર પટેલ,માન.કુલપતિશ્રી

(૨) પ્રિ.ડો.એન.એલ.પંડયા

(૩) ડો.પંકજ રાવલ

(૪) ડો.બી.ઉમા મહેશ્વરી

(૫) ડો.કાર્તિક પંડયા, સંશોધન અધિકારીશ્રી

(૬) ડો.શત્રુઘ્ન પાણિગ્રાહી,અન્ય યુનિ.માં જતા અનુપસ્થિત

બેઠકની શરૂઆતમાં સંશોધન અધિકારીશ્રી દ્વારા ઉપસ્થિત સૌ મહાનુભાવોનું સ્વાગત કરવામાં આવેલ અને ત્યારબાદ માન.કુલપતિશ્રીની સહમતી મેળવી નિયત કરેલા એજન્ડા રજૂ કરેલા હતા. એજન્ડા મુજબ દરેક વિષય પર વિસ્તૃત ચર્ચા વિચારણા કરી નીચે મુજબનાં નિર્ણય કરવામાં આવેલ છે.

(૧) યુનિવર્સિટી દ્વારા હાલ પીએચ.ડી.કરતા વિદ્યાર્થીઓ પાસેથી સેમેસ્ટર દીઠ ૩૦૦૦/– ફી લેવામાં આવે છે જે ફી વધારા અંગે ચર્ચા વિચારણા કરતા અગાઉની બેઠકમાં નકકી થયા મુજબ દર છ માસે આયોજિત પ્રોગ્રેસ રિપોર્ટની બેઠકમાં બહારનાં રેફરીશ્રીઓને(વિષય નિષ્ણાંતશ્રીઓને) બોલાવવાનું નકકી કરવામાં આવેલ હોય આ અંગે ખર્ચમાં વધારો થાય તેમ હોય વિદ્યાર્થીઓ પાસેથી લેવામાં આવતી સેમેસ્ટર દીઠ ફી માં રૂા.૫૦૦/–નો વધારો કરી આ બેઠકની કાર્યનોંધ એ.સી./ઈ.સી.માં મંજૂર થયા બાદ ફી વધારો લાગુ કરી આગામી સમયમાં સેમેસ્ટર દીઠ રૂા.૩૫૦૦/– ફી લેવી તેમ સર્વાનુમને નકકી કરવામાં આવ્યું.

(૨) શૈક્ષણિક વર્ષ ૨૦૨૨–૨૩ માટે પીએચ.ડી.અભ્યાસક્રમમાં પ્રવેશ આપવા માટે સંશોધન વિભાગ તરફથી ફાઈલ મુકી આ અંગેની આગળની કાર્યવાહી કરવી તેમ નકકી કરવામાં આવ્યું.

મહાનુભાવોનાં સૂચનો :–

(૩) યુ.જી.સી.ઈન્ફલીબનેટ તરફથી આવેલ ઈમેઈલ અનુસાર અત્રેની યુનિવર્સિટીએ યુ.જી.સી.ઈન્ફલીબનેટ સાથે એમ.ઓ.યુ.કર્યા બાદ શોધચક્રની કામગીરી કરવી તેમ નકકી કરવામાં આવ્યું.

(૪) યુનિવર્સિટી શોધપત્રિકા શોધજયોતિનો સમાવેશ યુ.જી.સી.કેર લીસ્ટમાં થાય તે અંગેનું કેન્દ્રિય સંસ્કૃત વિશ્વવિદ્યાલય, દિલ્લીનું ગુગલ ફોર્મ ભરીને ફાઈલ પર મંજૂરી મેળવીને જમા કરાવવું તેમ નકકી કરવામાં આવ્યું.

(૫) ગત છ માસિક પીએચ.ડી.પ્રોગ્રેસ રિપોર્ટની સમીક્ષા બેઠકમાં જે શોધાર્થીઓ અનુપસ્થિત હતા તેઓ માટે એક રૂબરૂ સુનાવણી તેઓનાં માર્ગદર્શકશ્રીની ઉપસ્થિતિમાં કરવી અને આ રૂબરૂ સુનાવણીમાં અનુપસ્થિત રહે તેઓનું રજીસ્ટ્રેશન રદ કરવું તેમ નકકી કરવામાં આવ્યું. રૂબરૂ સુનાવણીની બેઠકમાં સમિતિ જે ભલામણ કરે તે મુજબ અગ્રિમ કાર્યવાહી કરવી તેમ નકકી કરવામાં આવ્યું.

SHREE SOMNATH SANSKRIT UNIVERSITY
VERAVAL

(૬) રિસર્ચ પ્રોજેકટ (૫૦ માર્કસ) કે જેનો સમાવેશ યુનિવર્સિટી દ્વારા ચાલતા શાસ્ત્રી અને આચાર્ય અભ્યાસક્રમમાં કરવામાં આવેલ છે. તેનું નિયત પ્રારૂપ તૈયાર કરવા સંકાય અધ્યક્ષશ્રીઓની સમિતિ બનાવી આગળની કાર્યવાહી કરવી તેમ નકકી કરવામાં આવ્યું.

ઉપરોકત બેઠકમાં લેવાયેલ નિર્ણય અને કરવામાં આવેલ ભલામણને આગામી એ.સી./ઈ.સી.ની બેઠકમાં બહાલી અર્થે રજૂ કરી લેવાયેલ નિર્ણયને અમલમાં મૂકવા તેમ સર્વાનુમતે નકકી કરવામાં આવ્યું.

બેઠકનાં અંતે સંશોધન અધિકારીશ્રીએ તમામ મહાનુભાવોનો આભાર વ્યકત કરી બેઠક પૂર્ણ કરેલ હતી.

SHREE SOMNATH SANSKRIT UNIVERSITY VERAVAL

(ડો.કાર્તિક પંડયા)
સંશોધન અધિકારી